# તમારા NJ કામના અધિકારો જાણો

**myworkrights.nj.gov**



## NJ લઘુત્તમ વેતન

NJ તમામ કામદારોને $15 લઘુત્તમ વેતન આપવા જઈ રહ્યું છે

- **nj.gov/labor/minwage** પર તમારો લઘુતમ વેતન દર શોધો અથવા તો QR કોડ સ્કેન કરો

## તમને ચૂકવણી મેળવવાનો અધિકાર છે

તમને તમે કરેલા કામના તમામ કલાકો માટે બાકી વેતનની સંપૂર્ણ રકમ ચૂકવવાની રહેશે, જે લાગુ રાજ્યના લઘુત્તમ વેતન કરતા ઓછી ન હોવી જોઈએ.

- ઓવરટાઇમ: મોટા ભાગના કામદારો માટે અઠવાડિયાના 40 કલાક કરતાં વધારાના કામના કલાકો માટે કલાકદીઠ નિયમિત કલાક દર કરતાં 1.5 ગણું વેતન ચૂકવવાનું હોય છે.
- જાહેર બાંધકામ (એટલે કે શાળાઓ, ઇમારતો, રસ્તાઓ): કોન્ટ્રાક્ટરે રાજ્યમાં નોંધણી કરાવવી પડશે અને પ્રવર્તમાન વેતન ચૂકવવું પડશે.
- એક સ્વતંત્ર કોન્ટ્રાક્ટર (1099) તરીકે ખોટી રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા છે અથવા નોંધણી કર્યા વિના રોકડ રકમ ચૂકવવામાં આવી છે: તમારી કોઈ ભૂલ નથી, પરંતુ તમે કામના અધિકારો અને અન્ય લાભોથી વંચિત રહી શકો છો. ખોટી રીતે વર્ગીકૃત કરાયેલા કર્મચારીઓ એમ્પ્લોયર દંડના ભાગ રૂપે નાણાકીય એવોર્ડ માટે હકદાર હોઈ શકે છે.

## કાયદા મુજબ તબીબી રજા માટે ચૂકવણી કરવી જરૂરી છે

તમને પોતાની અને પ્રિયજનોની સંભાળ રાખવાનો અધિકાર છે.

- સંખ્યાને ધ્યાનમાં લીધા વિના તમામ નોકરીદાતાઓએ તમે કરેલા કામના દરેક 30 કલાક માટે 1 કલાકની સવેતન તબીબી રજા પૂરી પાડવી જોઈએ, જે વર્ષના 40 કલાક સુધીની હોઇ શકે છે
- તેને શારીરિક અથવા માનસિક સ્વાસ્થ્ય, કોવિડ -19 પરીક્ષણ/ રસીકરણ/ક્વોરેન્ટાઇન, તમારા બાળકની શાળાની એપોઇન્ટમેન્ટ્સ, જાતીય/ઘરેલું હિંસાનો સામનો કરવા અને વધુ માટે ઉપયોગ કરી શકાય છે
- લગભગ તમામ કામદારોને આવરી લેવામાં આવ્યા છે :ફૂલટાઇમ-, પાર્ટટાઇમ અને કામચલાઉ-
**mysickdays.nj.gov** પર વધુ જાણો

## NJ કામના અધિકારો અને લાભો

### NJ ચૂકવવામાં આવતી કૌટુંબિક અને તબીબી રજા

- તમારી પોતાની અથવા પ્રિયજનોની સંભાળ રાખવા માટે રોકડ લાભો
- નોકરીને ફેડરલ/રાજ્ય કાયદા હેઠળ સુરક્ષિત કરી શકાય છે

### નોકરીને લગતી ઈજાઓ

તમે કામદારોના વળતર માટે લાયક હોઈ શકો છો

### સલામત અને સ્વસ્થ કાર્યસ્થળો

નોકરીદાતાઓએ રાજ્ય અને ફેડરલ OSHA માપદંડોનું પાલન કરવું જરૂરી છે

**NJ કાયદો કામના સ્થળે ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે**
**njcivilrights.gov**

## જો તમે માનતા હોવ કે તમારા અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે

સુરક્ષાઓ મોટાભાગના કામદારોને આવરી લે છે અને તમને કેવી રીતે ચૂકવણી કરવામાં આવે છે તે મહત્વનું નથી - રોકડ, છૂટક દર અથવા પગાર.

- તમારા દૈનિક અને સાપ્તાહિક કામના કલાકો અને તમને કરવામાં આવતી ચૂકવણી પર નજર રાખો
- **myworkrights.nj.gov** પર ફરિયાદ કરો
- **બદલો લેનારા નોકરી દાતાઓને સખત દંડનો સામનો કરવો પડી શકે છે.**

NJDOL કર્મચારીઓ ઇમિગ્રેશન અથવા નાગરિકતા વિશે પૂછતા નથી અને તમામ કામદારોને તેમની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સેવા આપે છે. NJDOL કોઈ પણ ફેડરલ ઇમિગ્રેશન એજન્સી સાથે તપાસમાંની કોઈ પણ માહિતી શેર કરશે નહીં, સિવાય કે કાનૂની રીતે આમ કરવાની જરૂર હોય.